ઈડર તાલુકાની ૧૨ ગ્રામ પંચાયતના નવીન પંચાયત ઘરોની દરખાસ્તો ટલ્લે ચડી...

૫ વર્ષથી બાર પંચાયતો ભાડાના મકાનમાં દર વર્ષે દરખાસ્તની ફોર્મેટમાં ફેરફાર કરી વારંવાર ગ્રામપંચાયતો પાસે ડોક્યુમેન્ટ મંગાવવામાં આવે છે : વિકાસ કમિશનરની આપખુદશાહી સામે મંત્રી,ધારાસભ્ય અને સાંસદની ભલામણો કચરા પેટીમાં...

ઈડર (બ્યુરો ઓફીસ)તા.૨૦

ઈડર તાલુકાની બાર પંચાયતો જળજરીત અને બેસવાની હાલતમાં ન હોવાથી અને છત ના પોરા પડવાથી જાનહાની ના જોખન ના કારણે છેલ્લા પાંચ વર્ષ કરતા પણ વધુ સમય થી નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ મકાન પંચાયત પેટા વિભાગે નોનયુઝ કરેલ હોવાથી ભાડાના મકાન માં ચાલે છે, નોન યુઝ થયેલ બાર પંચાયતો ના નવીન મકાન માટે વારંવાર રજુઆત કરવા છતાં વિકાસ કમિશનર ની જોહુકમી સામે ધારાસભ્ય,મંત્રી ,અને સાંસદ સભ્યની લેખિત ભલામણો ના કાગળો સીધા કચરા પેટીમાં જતા હોય તેમ અન્ય કોઈ ની ભલામણ માન્ય ન રાખી વિકાસ કમિશ્નર પોતાના મરતીયાઓની ભલામણ અને સેટિંગ વાળી પંચાયતો ના નવીન મકાનો ઝડપી મંજૂરી આપવામાં આવતી હોય છે અને સેટિંગ વગર ની પંચાયતો માટે દર વર્ષે દરખાસ્ત ના ફોર્મેટમાં ફેરફાર કરી વારંવાર ડોક્યુમેન્ટ ,પંચાયત ના ઠરાવો ,ફોટોગ્રાફ વગેરે મંગાવી દરખાસ્તો ની ફાઈલો અભરાઈ એ ચડાવી હોય તેમ ફક્ત ઈડર તાલુકામાં જ છેલ્લા પાંચ વર્ષમાં બાર જેટલી ગ્રામ પંચાયતો પોતાના નવીન મકાન માટે રાહ જોઈ રહ્યા છે ,ભાડાના મકાન માં ચાલતી પંચાયતો માં ઓન લાઈન વ્યવસ્થા વારંવાર ખોટકાઈ જવાના તેમજ અરજદાર , તલાટી અને સરપંચો માટે બેઠક વ્યવસ્થા પણ જગ્યા ના અભાવે પૂરતી ન હોવાને કારણે અવ્યવસ્થા સાથે હેરાનગતિ ભોગવી રહયા છે,

ગામડાઓ માં ખેડૂતો ને વારંવાર જમીન ના ઉતારા કઢાવવા તેમજ ઘઉં,મગફળી અને ચણા ની ઓનલાઈન નોંધણી,રોજેરોજ જન્મ મરણ ની ઓન લાઈન નોંધણી ,ખેડૂતો ની ઓનલાઈન સબસીડી વારી સરકારી સ્કીમો માં રજીસ્ટ્રેશન વખતે તેમજ પંચાયત ની રાજિંદી સેવાઓ માં ગામડામાં લોકો વારંવાર હેરાનગતિ ભોગવી રહ્યા છે ,ત્યારે સરપંચો ધ્વરા નવીન મકાન ની તાલુકા પંચાયત થી લઈ જિલ્લા પંચાયત અને વિકાસ કમિશ્નર સુધી વારંવાર માંગણી ની ઉગ્ર રજૂઆતો કરવા છતાં આજ દિન સુધી ઈડર તાલુકાની બાર નોન યુઝ થયેલ પંચાયતો બનાવવા ની અસરો દેખાતી નથી.

એક બાજુ સરકાર ગામડાઓ માં શહેર જેવી સુવિધાઓ આપવાની મોટી મોટી જાહેરાતો કઈ નાગરિકો ને સુવિધા આપવાની વાતો વચ્ચે ઈડર તાલુકાની જ બાર પંચાયતો છેલ્લા પાંચ વર્ષથી ભાડાના મકાન માં છે તો આવી જિલ્લા ની કેટલી જિલ્લાની અને રાજ્યની કેટલી પંચાયતો પોતાના નવીન મકાન ની રાહ જોઈ રહી હશે .કેટલાય લોકો સુવિધાઓ થી વંચિત રહેતા હશે .ત્યારે ઈડર તાલુકા પંચાયત માં છેલ્લા પાંચ વર્ષ થી કેટલાય અધિકારીઓ આવીને ગયા પણ ઉપરોક્ત પંચાયતો માટે રસ ન લીધો ,જેથી પાંચ વર્ષ થી નોન યુઝ પંચાયતો ભાડા ના મકાન માં છે ,હોવી તો ભાડે આપેલ મકાન ના માલિકો પણ ખાલી કરાવવા ની બુમો પાડે છે,ત્યારે જો ઉચ્ચ કક્ષાએ થી તાપસ કરવામાં આવે તો આ બાકી રહેલી પંચાયતો ને નોન યુઝ કર્યા પછી તાલુકાની કેટલીય પંચાયતો નોન યુઝ કરી નવીન મકાન બનાવી આપેલ ધ્યાને આવતા ખરેખર કેટલી લેતી-દેતી થી પાછળ થી આવેલ દરખાસ્તો મંજુર થઈ તે તાપસ નો વિષય છે,અગાઉ એક દબંગ અધિકારી પણ આવ્યા તો પણ જેસે થે પરિસ્થિતિ રહી આમ ઈડર તાલુકા પંચાયત માં અગાઉ ના અધિકારીઓ ની તાપસ કરી કયા કારણો સર તાલુકાની બાર પંચાયતો નવીન મકાનો થી વંચિત રહી છે તેની ચર્ચાઓ એ જોર પકડ્યું છે. છેલ્લા પાંચ વર્ષ માં નોન યૂઝ થયેલ પંચાયત મકાનો માંથી બાર પંચાયતો ના બાકી મકાનો માથાસુર,વસાઈ, ફલાસન, ડુંગરી, બોલુન્દ્રા(સો), ઓડા, ભદ્રેસર, ગોરલ, હરિપુરા, બુઢેલી, ફિંચોડ, એકલારા આમ આ બાર પંચાયતો નવીન મકાન માટેની દરખાસ્તો ટલ્લે ચડી છે.

સાબલી ગામના મૃતક શિક્ષિકાની મિલકત હડપ કરવા ખોટુ વસિયતનામુ બનાવનાર ૪ સામે ગુનો

ઈડર(બ્યુરો ઓફીસ), તા.૨૩

વડાલી ની સી.જે.હાઈસ્કૂલમાં ફરજ બજાવતા ગીતાબેન સગર ની મિલકત પચાવી પડવાના હેતુ થી ઘરે કચરા,પોતું તેમજ સફાઈ કામ તેમજ અન્ય ઘરકામ કરવા રાખેલ પ્રજાપતિ બાઈ ના પતિ અને તેમના સાગા ઓ એ ભેગા થઈ ગીતાબેન ની મિલકત ઉપર નજર બગાડી ખોટું વસિયત નામું અમદાવાદ ખાતેની વેજલપુર કોર્ટ ના ખોટા સહી સિક્કા કરી ગીતાબેન ની ખોટી સહીઓ કરી સાબરકાંઠા ની વિવિધ સરકારી કચેરીઓ ખાતે આ વસિયત નામું આપતા ભાંડો ફૂટતા ગીતાબેન ના દત્તક પુત્ર એ વડાલી પોલીસ સ્ટેશનમાં ચાર વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ અંગે વડાલી પોલીસ સ્ટેશન માંથી મળતી માહિતી મુજબ મૃતક ગીતાબેન ભીખાભાઈ સગર છૂટાછેડા લીધેલ નિઃસંતાન હોઈ પોતાની બહેનના દીકરાને દિલીપભાઈને દત્તક પુત્ર તરીકે રાખેલ અને જેઓ શિક્ષિકા તરીકે નિવૃત થઈ સામાજિક કાર્યકર તરીકે સેવાઓ આપતા હતા જેઓના ઘરે ઘરકામ કરતા હોઈ જ્યોત્સનાબેન પ્રજાપતિ તેમના પતિ ધુળાભાઈ પ્રજાપતિ તેમની સાથે રહેતા હતા તે અરસામા ગીતાબેનની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જેઓનુ થોડા દિવસ બાદ મોત નીપજ્યુ હતુ તેમના મોત બાદ તેમના પાલક પુત્ર દિલીપભાઈ વડાલી નગરપાલિકામા મિલકતમા નામ દાખલ કરવા જતા તેમની મૃતક માસી ગીતાબેન સગરે જ્યોત્સના પ્રજાપતિ સહિત ત્રણના નામે વસિયતનામુ કરી આપ્યુ હોવાનુ મળતા વસિયતનામાની અમદાવાદ વેજલપુર કોર્ટ અને હેન્ડ રાઈટિંગ એક્સપર્ટ પાસે ખરાઈ કરાવતા વસિયતનામુ અને તેમા કરેલી ગીતાબેન સગરની સહી ખોટી હોવાનુ અને તેમના માસી ગીતાબેન સગર વસિયતનામુ કર્યું હતુ એ દિવસે વડાલી ખાતે આવેલ શેઠ સી જે હાઈસ્કૂલમા ૧૧ થી ૫ સેવાઓ બજાવી હોવાનુ માલુમ થતા ચાર ઈસમોએ ખોટુ વસિયતનામુ બનાવી ખોટી સહીઓ કરી ગીતાબેન સગરની તમામ મિલકત હડપ કરવાનો કારસો રચ્યો હોવાનુ જણાતા વડાલી પોલીસ સ્ટેશનમા ૧- જ્યોત્સનાબેન પ્રજાપતિ રહે. પાદરડી .તા.ખેડબ્રહ્મા ૨- ધુળાભાઈ પ્રજાપતિ.રહે. પાદરડી. તા. ખેડબ્રહ્મા ૩- નટવરભાઈ પ્રજાપતિ રહે. વડાલી. ૪- કનુભાઈ પ્રજાપતી રહે. કેશરગંજ તા. વડાલીએ ઠગાઈ તથા વિશ્વાસતઘાત કરી એકબીજાની મદદગારી કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવી હતી જેમા વડાલી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વડાલી ખાતે શિક્ષિકાના ઘરે ઘરકામ કરતા ઈસમોએ ખોટું વસિયતનામું બનાવી વિવિધ સરકારી કચેરીઓમાં રજુ કરતા ભાંડો ફૂટ્યો..

●●●

ગીતાબેન હોસ્પિટલમાં દાખલ હતા તે દરમ્યાન ઘરમાંથી રોકડ રકમ,દાગીના,અને સર્ટી તેમજ વિમાની પોલિસીઓ ની ચોરી કરતા પ્રજાપતિ પરિવાર સી.સી.ટીવી માં કેદ થયેલો જેના આધારે ખોટા વસિયત નો શક થયેલો...

ધનસુરા બે દુકાનો માં ચોરી કરી તસ્કરો ૪૫ હજાર લઈ ગયા

ધનસુરા, તા. ૨૩

ધનસુરા માં આવેલ બે દુકાનોમાંથી તસ્કરો તાળાં તોડી ૬૦ હજાર લઈ ફરાર થઈ ગયા હતા ધનસુરા બસ સ્ટેન્ડ થી ચાર રસ્તા રોડ પર આવેલી બે દુકાનોમાં ચોરી જોધપુર સ્વીટ માર્ટ અને સર્વોદય મેડીકલ નામની બે દુકાનો માં તસ્કરો એ ચોરી કરી હતી જોધપુર સ્વીટ માર્ટ માંથી તસ્કરો ૬૦ હજાર લઈ ફરાર થઈ ગયા હતા જેના CCTV સામે આવ્યા છે

આ ઘટનામાં દુર્ગારામ દેવાસી એ ફરિયાદ કરી હતી કે તેમને વેપારીઓને ચુકવવા ૩૫૦૦૦ ઉપાડેલ હતા આ ઉપરાંત વેપારના ૧૦૦૦૦ થઈ ૪૫૦૦૦ જેટલી રકમ ની ચોરી થઈ હતી તસ્કરો આ રકમ લઈ ફરાર થઈ ગયા હતા. જેની જાણ થતા ધનસુરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળ ની કાર્યવાહી કરી હતી અને પોલીસ ફરિયાદ કરી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી આ અગાઉ પણ તસ્કરો થોડા દિવસ પહેલા મહાલક્ષ્મી ઓઈલ મીલ માંથી ચોરી કરી હતી તસ્કરો ની ચોરી ની ઘટનાઓ વધતા પોલીસ પેટ્રોલિંગ વધારે તેમ વેપારીઓ ઈચ્છે છે.

ખેડબ્રહ્મામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો

ખેડબ્રહ્મા,તા.૨૩

ખેડબ્રહ્મા ખાતે તપોધન બ્રાહ્મણ સમાજ વાડીમાં શેલ્બી હોસ્પિટલ અમદાવાદ તથા સમસ્ત બ્રહ્મસમાજ ખેડબ્રહ્મા દ્વારા મેડિકલ કેમ્પ અને ખેડબ્રહ્મા હિન્દુ યુવા સંગઠન દ્વારા શાહિદ દિવસ પર રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડિકલ કેમ્પમાં સાંધાના રોગો, કરોડરજ્જુ, આંતરડા, જઠર, કિડની લગતા રોગો વગેરે ટેસ્ટનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને રક્તદાન શિબિર કેમ્પમાં ૫૧ થી વધુ લોહીની બોટલ એકત્રિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સફળ બનાવવા અંકુર જાની અને મુકેશ પ્રજાપતિ ભારે મહેનત ઉઠાવી હતી.

'વિશ્વ જળ દિવસે' ધનસુરા પંચાયતમાં શપથ લેવામાં આવ્યા

ધનસુરા, તા. ૨૩

વિશ્વ જળ દિવસે ધનસુરા ગ્રામ પંચાયત માં શપથ લેવામાં આવ્યા હતા જેમાં પંચાયત ના સ્ટાફ અને ગામ લોકો એ શપથ લીધા હતા પાણી બચાવવું અને તેનો વિવેક પૂર્ણ ઉપયોગ ના સૌએ શપથ લીધા હતા આ ઉપરાંત મારા પરિવાર મિત્રો ને પણ આના વિવેક પૂર્ણ ઉપયોગ કરવા ની પ્રેરણા આપીશ અને પોતાનું ભવિષ્ય સુરક્ષીત કરી શકીએ આ કાર્યક્રમ માં પંચાયત નો સ્ટાફ અને ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

નેશનલ ઈન્ટિગ્રેટેડ મેડીકલ એસોસિએશન ગુજરાત દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૨૩

સંવેદના એક પગલું રક્તદાન માટે ના આશ્રય સાથે નેશનલ ઈન્ટિગ્રેટેડ મેડીકલ એસોસિએશન ગુજરાત ધ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો ધનસુરા ખાતે તા-૨૩-૦૩-૨૦૨૧ ના રોજ ૯૦ મો શહાદત દિવસ હોઈ ધનસુરા ગામે નીમા ના ગુજરાત રાજ્યના જોઈન્ટ સેક્રેટરી ડૉ. શિરીષભાઈ શાહ તથા ડો. મીત શાહ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૧ બોટલો નું મુસ્લિમ સમાજ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં ડૉ શિરિષભાઈ શાહ,મીત શાહ,ડૉ રાકેશભાઈ તેમજ ધનસુરાના બધા જ ડોક્ટર ગણ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી હિંમતનગર દ્વારા બ્લડ કલેક્શન કરવામાં આવ્યું હતું

સૃષ્ટીની ઘાતકી હત્યા કેસ : હિંમતનગર મામલતદારને એસ.પી.જી. ટીમ દ્વારા આવેદન

હત્યારાને ફાંસીની સજાની માંગણી, મામલો ગરમાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

જેતપુરના જેતલસરની સૃષ્ટીની ઘાતકી હત્યાના રાજ્યમાં ઉગ્ર પડઘા પડ્યા છે. હિંમતનગર એસ.પી.જી. જિલ્લા ટીમ અને ૧૭ ગામ કાંઠા કડવા પાટીદાર સમાજ કેળવણી ટ્રસ્ટ-કડોલી દ્વારા સૃષ્ટીની ઘાતકી હત્યાના વિરોધમાં મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું તેમજ હત્યારાને ફાંસીના માંચડે લટકાવવા માંગ કરી છે. આવેદનકારોનો જે રીતે આક્રોશ જોવા મળ્યો તે જોતાં આગામી દિવસોમાં સૃષ્ટી હત્યા પ્રકરણમાં પોલીસ ઢીલી નીતિ રાખશે તો ગંભીર પરિણામો આવી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જેતલસરની સૃષ્ટીને ચપ્પાના ઘા મારી ઘાતકી હત્યા થતાં પંથક સહીત રાજ્ય અને ગાંધીનગરમાં તેના ઉગ્ર પડઘા પડ્યા. ઘાતકી હત્યાને તમામ સમાજ અને રાજકીય પક્ષોના આગેવાનોએ સખત શબ્દોમાં વખોડી કાઢી છે. ત્યારે એસ.પી.જી. અધ્યક્ષ લાલજી પટેલના નેતૃત્વ હેઠળ ધોમધખતા તાપમાં હિંમતનગર એસ.પી.જી. જિલ્લા ટીમ અને શ્રી ૧૭ ગામ કાંઠા કડવા પાટીદાર સમાજ કેળવણી ટ્રસ્ટ-કડોલી દ્વારા હિંમતનગર બહુમાળી ભવનમાં હિંમતનગર મામલતદારને આવેદનપત્ર આપી હત્યારાને ઝડપથી સજા થાય અને ફાંસીના માંચડે લટકાવવાની માંગ કરી છે. એસ.પી.જી. ટીમ તરફથી જિલ્લા પ્રમુખ વિજય પટેલ, મહિલા સંગઠન મંત્રી ભગવતી પટેલ ઉપરાંત મનિષ પટેલ, અમિત પટેલ અને સપન પટેલ સહિતના કાર્યકરો હાજર રહ્યા હતા.

વીજળીના ધાંધિયા કાયમી : મેઘરજ તાલુકાના ઉંડાણના ગામો પ્રત્યે વિજ તંત્રનું ઓરમાયું વર્તન

અધિકારીઓ ફરિયાદો સાંભળવા તૈયાર ન હોવાનો આક્રોશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

મેઘરજ તાલુકાના ઉંડાણના ગામો પ્રત્યે વિજ તંત્રનું કાયમી ઓરમાયું વર્તન રહ્યું છે. ખેરાઈઢુંઢા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કાયમી ધાંધિયા છતાં મનસ્વી વર્તન કરતા તંત્રના અધિકારીઓ પ્રજાની ફરિયાદો સાંભળવા તૈયાર ન હોવાથી પંથકમાં આક્રોશ ફેલાયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વિજ પુરવઠો ખોરવાઈ ગયા પછી દિવસો સુધી તેનો ઉકેલ આવતો ન હોવાથી પીવાના પાણી માટે પ્રજાને દૂર દૂર ભટકવાનો વારો આવતો હોય છે. મેઘરજ તાલુકામાં અસંખ્ય ગામોમાં વારંવાર વિજ પુરવઠો ખોરવાઈ જતો હોવાથી પ્રજાને અનેક મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવી ગયો છે જેથી તંત્રના જવાબદાર અધિકારીઓ પ્રજાની ફરિયાદો પ્રત્યે ધ્યાન નહીં આપે તો પ્રજા વીજળી મુદ્દે ગાંધી ચિંધ્યા માર્ગે જવાનું વિચારી રહી છે. રાજ્ય સરકાર દ્વારા જ્યોતિગ્રામ યોજના શરૂ કરવામાં આવતાં અંધારે અટવાતા ગામડાઓમાં ૨૪ કલાક વિજ પુરવઠો મળવાના કારણે ઉજાસ ફેલાયો છે પરંતુ હજુ પણ કેટલાક અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં નિયમિત આપવામાં આવતા વિજ પુરવઠામાં કોઈને કોઈ કારણોસર ક્ષતિ ઉભી થતી હોવાથી ગ્રામ્ય પ્રજા હજુય અંધારે અટવાતી હોય છે. મેઘરજ તાલુકાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં વિજ ટ્રાન્સફર્મરોના સમારકામમાં ધુપ્પલ ચલાવાયું હોય કે પછી હલકી ગુણવત્તાના ટ્રાન્સફર્મર ઉભા કરી દેવામાં આવ્યા હોય તેમ ઉનાળાના આરંભ સાથે જ વીજળીના ધાંધિયા શરૂ થયા છે. ખેરાઈઢુંઢા સહિતના વિસ્તારોમાં તો વીજળી ગાયબ થયા પછી સપ્તાહ સુધી વિજ પુરવઠો શરૂ કરવામાં આવ્યો ન હોવાની ગંભીર વિગતો સામે આવતાં વિજ તંત્રની લાલીયાવાડી સામે રોષ વ્યાપ્યો છે. ઉંડાણના ગામોમાં વિજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે પાણીના સંપ અને ઓવરહેડ ટાંકીયો ભરાતી ન હોવાથી પ્રજાજનોને તો ઠીક પરંતુ મૂંગા પશુઓને પણ પાણી પીવડાવવું મુશ્કેલ બની જતું હોય છે જેથી વીજળીના અભાવે પાણી મેળવવા માટે મહિલાઓ અને બાળકોને દૂર દૂર સુધી ખેતરોમાં ભટકવું પડતું હોય છે. વારંવાર વિજ પુરવઠામાં ખામી સર્જાવવાના કારણે વિજ તંત્ર સામે પ્રજામાં જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યો છે.

અરવલ્લીમાં તાલુકા ફેર બદલી થયેલા ૫૬ પ્રા.શિક્ષકો ૩ મહિનાથી પગારથી વંચિત

ઘરની આર્થિક જવાબદારીઓ નિભાવવી મુશ્કેલ, વિભાગ સંવેદના દાખવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

ગત વર્ષે અરવલ્લી જિલ્લાની સરકારી પ્રા.શાળાઓમાં ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે ૯૦ પ્રા.શિક્ષકોની અન્ય તાલુકાઓમાં બદલી કરવામાં આવી હતી જેમાં ૫૬ પ્રા.શિક્ષકોએ બદલીના નિયમોથી નારાજ થઈ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. કોર્ટમાં ગયેલા ૫૬ પ્રા.શિક્ષકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા છેલ્લા ૩ મહિનાથી પગારથી વંચિત રખાતાં આવા પ્રા.શિક્ષકો માટે હવે ઘરની આર્થિક જવાબદારીઓ નિભાવવી મુશ્કેલ બની છે. અનેક પ્રા.શિક્ષકોએ ટીચર્સ મંડળી, હોમ લોન, કાર લોન લીધી હતી તેના ચેક બાઉન્સ થઈ રહ્યા છે. કોરોનાના કપરા કાળમાં પ્રા.શિક્ષણ વિભાગે સંવેદના દાખવવી જોઈએ તેવો સૂર બદલી કેમ્પથી નારાજ થઈ હાજર થયા ન હતા અને તેમના એડવોકેટ મારફતે ન્યાય માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. જેથી ખાસ કરીને બાયડ અને ધનસુરા તાલુકાના વધુમાં વધુ પ્રા.શિક્ષકો ૩ મહિનાથી પગારથી વંચિત રહી જતાં તેમની આર્થિક મુશ્કેલી વધી ગઈ છે.

સીનીયોરીટીના અન્યાય કર્તા નિયમો સામે પ્રા.શિક્ષકોએ રોષ ઠાલવી વધ-ઘટ બદલી કેમ્પનો બહિષ્કાર કર્યોહતો પરંતુ સમજાવટ પછી પ્રા.શિક્ષકો બદલી કેમ્પમાં સામેલ થયા હતા. તે પૈકી ૩૪ પ્રા.શિક્ષકોને બદલીનું સ્થળ અનુકુળ આવ્યું હોય કે ન આવ્યું હોય તેઓ હાજર થઈ ગયા છે. પરંતુ ૫૬ પ્રા. શિક્ષકો વધ-ઘટ બદલી કેમ્પમાં સામેલ થયા હતા. જેમાં ૫૬ પ્રા.શિક્ષકોમાંથી સામે આવ્યો છે. જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકાની સરકારી પ્રા.શાળાઓમાં ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે પ્રા.શિક્ષકોનો વધ-ઘટ બદલી કેમ્પ મોડાસા નજીકના ડુગરવાડામાં ગત નવેમ્બર-૨૦૨૦માં યોજવામાં આવ્યો હતો. કેમ્પ શરૂ થયા પછી અત્યારે મુદત ઉપર મુદત પડી રહી છે. જ્યારે તા.૧૫ ડિસેમ્બરે તમામ પ્રા.શિક્ષકોને એક તરફી છૂટા કરવાનો જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આદેશ અપાતાં મુખ્ય શિક્ષકોએ મોબાઈલ મારફતે મેસેજ મોકલી પ્રા.શિક્ષકોને છૂટા કર્યા હતા. છૂટા થયેલા પ્રા.શિક્ષકોના પગાર નહીં આકારવા પણ સૂચના મળી હતી

કોર્ટનો આદેશ આવશે તે માન્ય રાખીશું : જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિ

બાયડ : અરવલ્લી જિલ્લા નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલે જણાવ્યું કે વધ-ઘટ બદલી કેમ્પમાં ઓર્ડર કરાયેલા પ્રા.શિક્ષકો બદલીના સ્થળે હાજર ન થતાં તા.૧૫ ડિસેમ્બરે તેમને એક તરફી છૂટા કરવાનો આદેશ આપ્યો. તા.૧૬ ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટે સ્ટેટસ્કો આપ્યો હતો. બદલી થયેલા પ્રા.શિક્ષકોને તેમની મૂળ શાળાના પણ ન ગણી શકાય અને બદલી થઈ છે તે શાળાના પણ ન ગણી શકાય. આ સંજોગોમાં તેમનો પગાર આપવામાં આવ્યો નથી પરંતુ આગામી તા.૩૧ માર્ચ પહેલાં ચૂકાદો આવી શકે છે. કોર્ટનો આદેશ આવશે તે માન્ય રાખીશું તેમ જણાવ્યું છે.

લાંચમાં કર્મચારી પકડાય તો પણ ૫૦ ટકા પગાર મળે છે..!!

બાયડ : જિલ્લાના ૫૬ પ્રા.શિક્ષકોએ વધ-ઘટ બદલી કેમ્પમાં જે સ્થળ મળ્યું તેને નકારી ન્યાય માટે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા. કોર્ટમાં જવું તેને પ્રા.શિક્ષણ સમિતિએ મોટો ગુનો ગણ્યો હોય તેમ નિયમો નેવે મૂકી પ્રા.શિક્ષકોને એક તરફી છૂટા કરવાનો કોઈ લેખિત આદેશ આપ્યા વગર તેમના પગાર અટકાવી દીધા છે. આ મુદ્દે પણ આવનારા સમયમાં મોટો વિવાદ સર્જાઈ શકે છે. જ્યારે કોઈપણ વિભાગનો કર્મચારી લાંચના છટકામાં ઝડપાય તો પણ ૫૦ ટકા પગાર મળે છે. પ્રા.શિક્ષકોએ નવા બદલીના સ્થળે હાજર ન થઈને કોઈ મોટો ગુનો કર્યો નથી કે તેમનો તમામ પગાર અટકાવી દેવાય. રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગે પણ કોરોનાની વર્તમાન સ્થિતિમાં માનવતા દાખવી પ્રા.શિક્ષકોને ૭૦ ટકા જેટલો પગાર ચૂકવવો જોઈએ.

રૂપાલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં રસીકરણ કાર્યક્રમ યોજાયો

ગાંભોઈ, તા.૨૩

હિંમતનગર તાલુકાના રૂપાલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સોમવારે કોરોના પ્રતિરોધક રસીકરણ કાર્યક્રમ સાબરકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવરની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. જેમાં વિસ્તારના ૬૦ વર્ષથી મોટી ઉંમરના અને ૪૫ વર્ષથી વધુ વયના બીમારી ધરાવતા કોમોબીર્ડ લોકોને રસી આપવામાં આવી હતી. ભાજપના પૂર્વ મહામંત્રી પ્રવિણસિંહ રહેવર, રૂપાલ તાલુકા ડેલીકેટ દક્ષાબેન પટેલ, રૂપાલ સરપંચ ભગવતીબેન પટેલ, તાલુકા સંગઠનના પૂર્વપ્રમુખ દિલીપસિંહ રહેવર, હાથરોલ ડેલીકેટ, વેક્સિન ઈન્ચાર્જ જયેશભાઈ બારોટ, સોશિયલ મીડિયા કન્વીનર અસીમ પટેલ ઉપસ્થિત રહી લોકોને રસી બાબતેની સમજણ આપી વધુમાં વધુ લોકો રસી લે તે માટે અનુરોધ કર્યો હતો.

અડપોદરા હાઈસ્કૂલમાં નિઃશુલ્ક નેત્ર નિદાન-સારવાર કેમ્પ યોજાયો

રાઈગઢ, તા.૨૩

હિંમતનગર તાલુકાની શ્રી અડપોદરા એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી એન.ડી.શાહ હાઈસ્કુલ, અડપોદરા ખાતે રવિવારના રોજ સર્જન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા ૮મો નિઃશુલ્ક નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં આસપાસના ગામોના કુલ ૨૨૫ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૫૨ જેટલા દર્દીઓ મોતિયા, વેલ અને નાસુરના નીકળ્યા હતા. જેમનું ઈડર ખાતેની શ્રી આત્મવલ્લભ હોસ્પિટલમાં વિનામૂલ્યે ઓપરેશન કરાવી આપવામાં આવશે. કેમ્પનું આયોજન કરવા બદલ હાઈસ્કુલ પરિવાર તથા સર્જન ફાઉન્ડેશન સંસ્થાનો ગ્રામજનોએ ખુબ ખુબ આભાર માન્યો હતો.

અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગનું માત્ર કોરોના ઉપર ધ્યાન, મચ્છરજન્ય રોગચાળો ભૂલાયો

શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ બેકાબુ, સાદા અને ઝેરી મેલેરીયાના કેસમાં ઉછાળાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

છેલ્લા ૧ વર્ષથી અરવલ્લી જિલ્લાનું આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર માત્ર કોરોના ઉપર ધ્યાન આપી રહ્યું છે જેના કારણે મચ્છરોના ઉપદ્રવને ડામવા પાછલા ૧૨ મહિનામાં કોઈ અસરકારક કામગીરી થઈ નથી અને થઈ હોય તો માત્ર કાગળ ઉપર પૂરી કરી હોવાની માન્યતા છે. છેલ્લા ૧ સપ્તાહથી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ બેકાબુ બન્યો છે. મચ્છરજન્ય રોગચાળો વકરે તો હોસ્પિટલોમાં બેડ ખૂટી પડે તેવી દહેશત ઉભી થઈ છે. આ સંજોગોમાં જિલ્લામાં મેલેરીયા શાખાને સજીવન કરવામાં આવે તેવી ગામે ગામથી માંગ થઈ રહી છે.

બૃહદ સાબરકાંઠા જિલ્લામાં અગાઉના મેલેરીયા અધિકારીઓએ આરોગ્ય વિભાગની વાહ વાહી મેળવવા ૧૪ તાલુકા મેલેરીયા નિર્મૂલન ક્ષેત્રે અગ્રેસર હોવાના રિપોર્ટ કરી એવોર્ડ મેળવી લીધા પરંતુ તેનાં ગંભીર પરિણામો જિલ્લા અને પ્રજાને ભોગવવાનો વારો આવ્યો છે. મેલેરીયા ડાર્ક ઝોન તરીકે ઓળખાતા અનેક વિસ્તારોને જરૂરી લાભ મળતા બંધ થઈ ગયા. આ બધા વચ્ચે એકાએક ચીનના વુહાન શહેરથી પ્રસરેલા કોરોના વાયરસે ભારત દેશમાં પણ તબાહી મચાવી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના સરકારી દફતરે નોંધાયેલા ૪૦૦૦થી વધુ કેસ ઉપર આરોગ્ય વિભાગે ધ્યાન આપ્યું જેમાં અરવલ્લી જિલ્લાનું આરોગ્ય વિભાગ માત્ર મોડાસા શહેર પૂરતું જ કાર્યરત હોય તેવું ચિત્ર જોવા મળ્યું. છેલ્લે સ્થિતિ એ થઈ કે કોરોનાએ શહેરી વિસ્તારને પણ ઘમરોળી નાખ્યો. અત્યારે ભલે તંત્ર બધું કંટ્રોલમાં હોવાના દાવા કરતું હોય પરંતુ વાસ્તવિક સ્થિતિ વિસ્ફોટક છે અને એ સાથે જ મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધ્યો છે. આગામી એક સપ્તાહમાં જ મચ્છરોના ઉપદ્રવના કારણે સાદા અને ઝેરી મેલેરીયાના કેસમાં ઉછાળો આવવાની પૂરી સંભાવના છે. કેટલાક લોકોએ જણાવ્યું કે મચ્છરો પણ